


## પોશીનામાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાના અતિ પછાત એવા આદિવાસી વિસ્તાર તરીકે ઓળખાતા નવરચિત પોશીનાના તાલુકા મથકે રવિવારે પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટનો ડિસ્ટ્રીકટ જજના હસ્તે પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ડિસ્ટ્રીકટ જજ આઈ.સી.શાહએ જણાવ્યુ હતું કે હાઈકોર્ટના અભિગમ અન્વયે પોશીનાના તાલુકા સેવા સદન ખાતે રવિવારે પૂર્ણકાલીન કોર્ટનો રિબીન કાપી પ્રારંભ થયો છે. જેના કારણે આ વિસ્તારની પ્રજાને ખેડબ્રહ્મા સુધી જવું નહિ પડે. કોર્ટના શુભારંભ પ્રસંગે પોશીના કોર્ટના પ્રિન્સીપાલ સિવિલ જજ એ.કે.ડાભીના હસ્તે હવન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે એડીશનલ ડિસ્ટ્રીકટ જજ એન.સી.રાવલ, સરકારી વકીલ એ.જે.પટેલ, બાળ એસો.ના પ્રમુખ બી.એસ.વાઘેલા, સેક્રેટરી વી.કે.વોરા, ખેડબ્રહ્માના બાળ એસોના પ્રમુખ ભૂતપસિંહજી.એસ.વાઘેલા, સ્થાનિક વકીલ નરેન્દ્રસિંહજી ચાવડા, વિજયભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં આદિવાસી પરંપરા મુજબ પોશીના પ્રાથમિક શાળાની બાળાઓએ કાલીઘેલી ભાષામાં સ્વાગત ગીત રજુ કરી ઢોલ, નૃત્યો સાથે ડિસ્ટ્રીકટ જજ તથા અન્ય મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું.

## ડીસાના નવા ગામે પતિ દ્વારા પત્નીની ઘાતકી હત્યા

ડીસા, તા. ૨૨

સામાન્ય તકરાર જ્યારે ઉગ્ર સ્વરૂપ લે છે ત્યારે ઉદ્‌ભવતા ક્રોધમાં માનવી ભાન ભુલી જધન્ય અપરાધ કરતા પણ ખચકાટ અનુભવતો નથી. આવાજ એક અપરાધમાં બનાસકાંઠાના ડીસા તાલુકાના નવા ગામે પોતાની પત્ની પર ગુસ્સો કરી ઉશ્કેરાટમાં પતિએ પોતાના હાથમાં રહેલા પાવડા દ્વારા પત્નિના માથામાં મારી તેની નિર્મમ હત્યા કરી છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે હત્યારા પતિ વિરૂદ્ધ મર્ડરનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસા તાલુકામાં આવેલા નવા ગામે રહેતા મોઘીબેન ઠાકોર ઉંમર વર્ષ ૨૫ ના પતિ સુરેશભાઈ ઠાકોર અવારનવાર પત્નિને ત્રાસ આપતો હતો, જેમાં ગત ૨૧ ફેબ્રુઆરીના સાંજના સમયે જ્યારે પત્નિ ખેતરમાં કામ કરવા જતી હતી, ત્યારે પતિ સુરેશે તેને અટકાવી હતી અને મોઘીબેન પાસે પતિ સુરેશે તેમને પહેરેલા દાગીના આપવા જણાવ્યું હતું. જો કે મોઘીબેને પતિ આ દાગીના વેચી પૈસા ઉડાવી દેશે એ ભયથી પતિ સુરેશને દાગીના આપવાની ના પાડી હતી. જો કે બસ આટલુ જ કારણ આરોપી એવા સુરેશના ગુસ્સાનું કારણ બન્યુ હતુ.

## કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલયના સચિવ એન.કે. સિન્હા વડનગરની મુલાકાતે

મહેસાણા, તા.૨૨

આનર્ત પ્રદેશની પ્રાચીન પુરાતત્વીય નગરી વડનગર ખાતે ડિસેમ્બરથી ઉત્ખન્ન પ્રક્રિયા પુનઃ હાથ ધરાઈ છે. પ્રાચીન નગર



વડનગરના પેટાળમાં ધરબાયેલા અતિપ્રાચીન અવશેષો શોધી કાઢવા માટે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સુપ્રિટેન્ડીંગ આર્કિયોલોજિસ્ટ દ્વારા આ ઉત્ખનન કામગીરી કરવામાં આવી રહી છે.

આર્કિયોલોજિક સર્વે ઓફ ઈન્ડિયાની ઉત્ખનન બ્રાન્ચે વડનગરના પેટાળમાંથી પ્રાચીન અવશેષો શોધી કાઢવાનું બીડું ઝડપ્યું છે. નોંધપાત્ર છે કે, ગત વર્ષે વડનગરના પેટાળમાં ત્રણ સ્થળોએ ઉત્ખનન કરવામાં આવ્યું હતું. આ જગ્યાઓ પર ખોદકામ દરમ્યાન બૌધ્ધકાલિન સ્તૂપ તેમજ મઠ ઉપરાંત મૌર્ય અને સોલંકી કાલિન અવશેષો મળી આવ્યા હતા.,ડિસેમ્બરથી શરૂ કરવામાં આવેલ ઉત્ખનન દરમ્યાન વધુ પ્રાચીન અવશેષો મળી આવવાની સંભાવના વ્યકત કરાઈ રહી છે. ઐતિહાસિકનગરી વડનગરના પેટાળમાં ધરબાયેલા વારસાને શોધવા ઉત્ખનન હાથ ધરાયું છે. નોંધનીય છે કે એક વર્ષ અગાઉ અહીં કરાયેલા ખોદકામ દરમિયાન ૨૦૦૦ વર્ષ જૂની નગરી મળી આવી હતી. ત્યાર બાદ કેન્દ્ર સરકારમાંથી પુનઃ ખોદકામ કરવાની મંજૂરી મળતાં ખદોકામ હાથ ધરાયું છે.

વડનગરની મુલાકાતે આવેલ ભારત સરકાર સાંસ્કૃતિ મંત્રાલયના સચિવ એન.કે.સિન્હાએ જણાવ્યું હતું કે ઐતિહાસિક નગરી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ સ્થળ એવા વડનગરના પેટાળમાં પ્રાચીન વારસો ધરબાયલો છે. જેને ઉજાગર કરવા પુરાતન વિભાગ દ્વારા ખોદકામ કરાઈ રહ્યું છે. વડનગર વિશ્વના નકશામાં સ્થાન પામ્યું છે.

સચિવ એન.કે.સિન્હાએ વડનગર શહેરમાં કિર્તીતોરણની મુલાકાત કરી હતી. કિર્તીતોરણની કલા-કારીગીરીથી સચિવ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત વડનગરમાં જુદી જુદી જગ્યાએ ચાલી રહેલ ખોદકામમાં અર્જુનબારી,ગૌરીકુંડ, ઘાંસકોળ દરવાજા બૌધ્ધ સ્તુપ સહિત વિવિધ જગ્યાએ ચાલતા ખોદકામ અંગેની માહિતી મેળવી હતી.વડગનરમાં ચાલી રહેલ પુરાત્તત્વ ખાતાની કામગીરીથી સચિવ પ્રભાવિત થયા હતા અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં સ્વાઈન ફલુના અજગરી ભરડાની ભીતિ

### સ્વાઈન ફલુથી માલપુરના સુરજપુરાના આધેડ અને તખતપુરાની મહિલાનું મોત : પ્રજાજનો ભયભીત

મોડાસા, તા. ૨૨

ગુજરાત રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈન ફલુ નામની મહામારી બિમારીમાં ૧૦૦થી વધુ લોકો સપડાયા છે અને સત્તાવાર આંકડો સ્વાઈન ફલુથી ચાલુ સિઝનમાં ૨૦ થી વધુ વ્યક્તિઓનું મોત નિપજી ચુક્યુ છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ સ્વાઈન ફલુના અજગરી ભરડામાં સપડાઈ રહ્યુ હોય તેમ માલપુર તાલુકાના સુરજપુરા ગામના આધેડનું અને તખતપુરની મહિલાનું સ્વાઈન ફલુથી મોત નિપજતા માલપુર તાલુકાના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ તંત્ર હરકતમાં આવ્યુ હતુ અને બન્ને ગામમાં પ્રજાજનોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ ઉંઘતુ ઝડપાયું હોય તેવો ઘાટ જિલ્લાના માલપુર તાલુકામાં સ્થિતિ પેદા થઈ છે. માલપુર તાલુકાના ૨ લોકોના મોત સ્વાઈનફલુથી થતા જિલ્લા આરોગ્ય વિભાગ તંત્ર સફાળુ જાગી ઉઠ્યુ છે. માલપુર તાલુકાના સુરજપુર ગામના વલ્લભભાઈ મગનભાઈ પટેલ ઉં.વ. ૫૦ને શરદી, તાવ, ખાંસી ગળામાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હાથ ધરાતા તબીબને આધેડને રોગના લક્ષણો સ્વાઈનફલુ જેવા જણાતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા પરંતુ સ્વાઈન ફલુ શરીરમાં ગંભીર રીતે ફેલાતા આધેડનું મોત નિપજતા જિલ્લામાં ચાલુ સિઝનમાં પ્રથમ કેસ સ્વાઈન ફલુનો પ્રથમ કેસ પોઝીટીવ સાથે મોત નિપજવાની ઘટના બનવાની શાહી સુકાઈ નથી ત્યારે માલપુર તાલુકાના તખતપુરા ગામની ૫૪ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુના લક્ષણો જણાતા વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીનુ મોત નિપજતા સ્વાઈનફલુની બિમારીએ માલપુર તાલુકામાં હાહાકાર મચાવતા માલપુર તાલુકાના પ્રજાજનો અને અરવલ્લી જિલ્લામાં ફફડાટ ફેલાયો છે. આધેડ અને મહિલાના મોતના પગલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફલુગ્રસ્ત વિસ્તારોમાં સર્વે હાથ ધરીને શરદી, ખાંસી, તાવના લક્ષણો જણાતા પ્રજાજનોને સઘન સારવાર આપવામાં આવી રહી છે. સતત બન્ને ગામના લોકોના આરોગ્ય તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

## શીકા ગામની પરિણીત મહિલાના સુખી લગ્નજીવનમાં ક્ષયની બિમારીએ ભંગાણ સર્જ્યુ

### મહિલા દ્વારા પતિ અને સાસુ-સસરા સામે પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની રહેણાંક સોસાયટીમાં રહેતી યુવતિના લગ્ન સામાજીક રીત-રીવાજ મુજબ ધનસુરા તાલુકાના શીકા ગામે થયા હતા. સુખી લગ્નજીવનમાં મહિલાને ટીબીની બિમારી થતા તેની પતિ અને સાસુ સસરાએ મહિલાને બિમારી અંગે મહેણા-ટોણા મારી મહિલા સાથે મારઝુડ કરી મારી નાંખવાની ધમકી આપતા પરિણીત મહિલાએ ન છૂટકે પતિ અને તેના સાસુ સસરા સામે ધનસુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા શહેરની જલધારા સોસાયટીમાં રહેતી યુવતીના લગ્ન ધનસુરા તાલુકાના શીકા ગામના પથીકકુમાર મુકેશભાઈ પ્રજાપતિ સાથે લગ્ન થયા હતા. ત્રણ વર્ષ અગાઉ મહિલાને ટી.બી.ની બિમારી થતા મહિલાને યોગ્ય સારવાર કરવાના બદલે તેના પતિ તેમજ સસરા મુકેશભાઈ નારણભાઈ પ્રજાપતિ અને સાસુ રમીલાબેન મુકેશભાઈ પ્રજાપતિએ તેના પુત્રની ઉશ્કેરણી કરતા અને મહિલાની ટી.બી.ની બિમારી અંગે મહેણા ટોણા મારી પથીકકુમાર દ્વારા તેની પત્નિ સાથે મારઝુડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક, શારિરીક ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસથી કંટાળી પરિણીત મહિલાએ તેના પતિ તેમજ સાસુ સસરા વિરૂદ્ધ ધનસુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૯૮(૬), ૧૧૪ મુજબ ફરિયાદ નોંધી ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે મોબાઈલ માર્ગદર્શન

માર્ચ-૨૦૧૬માં લેવાનાર ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને મોડાસા તાલુકા ગણિત-વિજ્ઞાન મંડળ અને અરવલ્લી જિલ્લા શિક્ષણ કચેરીના સંયુક્ત ઉપક્રમે મોબાઈલ માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલના શિક્ષક અને મંડળના પ્રમુખ ગીરીશ પટેલના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને તેમને મુંઝવતા પ્રશ્નો અને બોર્ડની પરીક્ષાનો તણાવ દૂર કરવા અને તેમનું નિરાકરણ કરવા માટે આપેલા નંબરો ઉપર ફોન કરીને અથવા વોટસઅપના માધ્યમ થકી વિદ્યાર્થીઓને મદદ મળી રહે તે માટે માર્ગદર્શન હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન સાથે જોડાયેલા શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ કરી આપશે.

● ગણિત માટે : બીપીન શાહ - ૯૪૨૬૩-૦૬૫૬૨, મનોજ ઉપાધ્યાય - ૯૮૨૫૩-૯૨૯૮૦, એસ.આર. પટેલ - ૯૮૭૯૫-૮૯૮૫૯ ● વિજ્ઞાન વિષય માટે : દિપક દરજી - ૯૮૨૫૩-૫૭૪૮૫, બાબુભાઈ પટેલ - ૯૪૨૮૭-૭૩૧૯૧, આર.આર. પંચાલ - ૯૯૭૯૮-૬૩૩૫૧ ● અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે : ગિરિશ પટેલ - ૯૯૨૫૮-૫૬૧૫૬

## અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા દેશ વિરોધી ઘટનાના વિરોધમાં કલેકટરને આવેદનપત્ર અપાયુ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લા ભાજપા દ્વારા સોમવારના દિવસે દેશની



પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા જવાહરલાલ નહેરૂ વિશ્વ વિદ્યાલય (જે.એન.યુ.) દિલ્હીમાં કાશ્મીરની આઝાદી અંગેના વિષયને લઈને કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વો કાયદાથી વિરૂદ્ધ જઈને દેશને ગુમરાહ કરતા અને દેશ વિરોધી નારેબાજી કરતા 'જન સ્વાભિમાન અભિયાન' કાર્યક્રમ અંતર્ગત ચાર રસ્તા પર દેશ વિરોધી તત્વો વિરૂદ્ધ નારેબાજી કરી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા ભાજપા દ્વારા દિલ્હીની જેએનયુમાં આતંકવાદી અફઝલ ગુરૂની વરસી દિને કેટલાક વિદ્યાર્થીઓએ શહીદદિન ગણાવી દેશ વિરોધી નારેબાજી કરી દેશને લાંછન લગાવે તેવી ઘટના બનતા આ ઘટનાને ભાજપા દ્વારા દેશના ખૂણે ખૂણા સુધી અને દેશના દરેક નાગરિક સુધી પહોંચાડવાના 'જન સ્વાભિમાન અભિયાન' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ભાજપાના હોદ્દેદારો અને સદસ્યોએ જનતાને સાથે રાખી મોડાસા ચાર રસ્તા બપોરે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફૂલહાર કરી જેએનયુમાં બનેલી ઘટનાનો સખત વિરોધ કરી સુત્રોચ્ચાર સાથે રેલી યોજી ઓધારી તળાવ ખાતે સરદાર પટેલની પ્રતિમા અને સર્વોદયનગર ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી ભારે વિરોધ દર્શાવી અને દેશદ્રોહીને શ્રદ્ધાંજલિ અર્પનાર અને દેશ વિરૂદ્ધનું કૃત્ય કરનારાઓ સામે કડક પગલા ભરવાની માંગ સાથે જેએનયુમાં દેશ વિરોધી નારા કરનારાઓને સમર્થન આપનાર લોકો અને રાજકીય પક્ષોની જાટકણી કાઢી હતી તેમજ દેશમાં અખંડિતતા જળવાઈ રહે તે માટે અરવલ્લિ જિલ્લા કલેક્ટર કચેરીએ જઈ નાયબ કલેક્ટર એસ.બી. પટેલને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના હોદ્દેદારો અને નગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરો તથા મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.



## વડગામના ચાંગા ગામે ત્રણ મૂર્તિઓ અને શિવલિંગ સ્ટેન્ડ મળ્યું : પૌરાણિક મૂર્તિથી ધાર્મિક માહોલ

ડીસા, તા.૨૨

બનાસકાંઠા નાં વડગામ તાલુકાના ચંગા ગામે આજે એક ગટર ખોદકામ દરમ્યાન નદી પણ નજીક થી ૮૦૦ વર્ષથી પણ વધુ પૌરાણિક ઈતિહાસ ધરાવતી આરસની અદ્‌ભૂત કોતરણી ધરાવતી દેવી મૂર્તિ મળી આવી છે, ત્યારે આ મૂર્તિની પોલીસ અને વહીવટી તંત્ર ને જાણ કરતા તંત્રે આ મૂર્તિ મામલે તપાસ ની કવાયત હાથ ધરી છે.

બનાસકાંઠાના વડગામ તાલુકાના ચાંગા ગામ આજે તાલુકા પંચાયત નાં ગટર ખોદકામ દરમ્યાન સહુ પ્રથમ એક પાંચ ફૂટ લાંબી અને બે ફૂટ જેટલી પહોળી વિશાલ મૂર્તિ મળી હતી.ખોદકામમાં મળેલી આ મૂર્તિઓ વર્ષો પહેલા મૂર્તિકારો ની અદ્ભુત કારીગરી નો બોલતો પુરાવો રજુ કરતી અને આરસથી કંડારેલી આ મૂર્તિ કોઈ હિંદુ દેવની મૂર્તિ ભાસી રહી છે, અનેકો હાથો ધરવતી અને પાંચ ફૂટ જેટલું કદ ધરાવતી આ ૮૦૦ વર્ષ થી પણ વધુ જૂની મૂર્તિ આજે બનાસકાંઠાના વડગામ તાલુકાના ચંગા ગામે થી તાલુકા પંચાયતના ગટર કામના ખોદકામ દરમ્યાન મળતા ગામમાં ભક્તિરસ સાથે અચરજ પણ ફેલાયું હતું .



નદી પટમાંથી નીકળેલી આ મૂર્તિને ગામજનો એ ધૂળ ગારાથી શુદ્ધ કરી ગામના થાકજી ભગવાનનાં મંદિરમાં લાવતા શ્રધ્ધાળું આ મુરતીનાં દર્શન કરવા તોલે વળ્યા હતા, આ મૂર્તિનાં એક હાથમાં માનવ મસ્તક પણ છે જેથી માનવામાં આવી રહ્યું છે કે આ મૂર્તિ મહાકાલી અથવા અન્ય દેવની હોઈ શકે છે, આ મૂર્તિ જેમના હાથ જેશીબી કામ દરમ્યાન નીકળી છે તેવું ખોદકામ કરનાર જવાનસિહ વાઘેલા એ જણાવ્યું હતું જોકે તે બાદનાં વધુ ખોદકામ દરમ્યાન ચાંગા ગામમાં હજુ પણ મૂર્તિઓ મળવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે, બપોરે નદી પટ નજીક એક પાંચ ફૂટની વિશાલ આરસની મૂર્તિ બપોરે મળ્યા બાદ લોકોમાં આ જગ્યા એ કોઈ વિશાલ મંદિર હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું , જેમાં રાત્રે વધુ ખોદકામ દરમ્યાન ગામના આ વિશ્વાસ ને સમર્થન મળ્યું હતું અને રાત્રે ૮ વાગ્યા આજુબાજુ વધુ એક સફેદ આરસ અને દુર્લભ એવા કાળા આરસ ની મૂર્તિઓ અને એક શિવલિંગ નું વિશાલ સ્ટેન્ડ મળતા આ જગ્યા એ કોઈ પોરાણિક અને ભવ્ય વિશાલ હિંદુ મંદિર ધરબાયેલું હોવાનો મોટો પુરાવો આ મળેલ મૂર્તિઓ પૂરો પાડી રહી છે.

જયારે આ મૂર્તિ નીચે દેવલીપી માં લખાણ લખેલું છે તે જોતા આ મૂર્તિ ૮૦૦ વર્ષથી વધુ જૂની હોઈ શકે છે તેવું ધર્મ શસ્ત્ર નાં જાણકાર પંડિતે જણાવ્યું હતું,જોકે આ ગામમાં પોરાણિક મૂર્તિ મળતા આજુબાજુ ના લોકોમાં ધાર્મિક ભાવ જાગ્યો છે અને આ ગામ કોઈ પુરાની નગરી નો એક ભાગ હોવાનું ગામ લોકો માની રહ્યા છે.

